# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બે દિવસીય યોગ શિબિરની ઉજવણી

પ્રતિ વર્ષ ૨૧મી જુનને **'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'** તરીકે ઉજવવાનું સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા જાહેર કરાયેલ છે. નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે લોક જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટીના યુનિવર્સિટી ભવન ખાતે તા. ૧૯-૨૦/૦૬/૨૦૨૩ દરમ્યાન ૨ દિવસની યોગ શિબિર માન. કુલપતિશ્રી ડૉ. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ડૉ. દિનેશ.એચ. પટેલ, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ દ્વારા આયોજીત કરવામાં આવેલ. જેમાં ડૉ. કે.બી. કથીરીયા, માન. કુલપતિશ્રી, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો, એન.સી.સી. ના કેડેટ્સ, ખેતીવાડી મહિલા મંડળના સભ્યશ્રીઓ, યુનિવર્સીટીના સ્ટાફ ક્વાર્ટ્સમાં રહેતા પરીવારજનોએ બહોળા પ્રમાણમાં ભાગ લીધેલ. યોગ શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના આણંદ જિલ્લાના યોગ પ્રશિક્ષક શંકરભાઇ રાઠોડ દ્વારા આસન, પ્રાણાયામ અને ધ્યાન વગેરે માટે યોગ અંગે લોકજાગૃતિ કેળવાય તે માટે માર્ગદર્શન આપીને યોગ તથા વિવિધ આસનો કરાવવામાં આવેલ. આ દરમ્યાન તમામને યોગ રોજબરોજના જીવનનો ભાગ બને તેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવેલ.

| | |
|---|---|
|  |  |